Reg. No. G-24365
ડૉ.અરમાન એમ. બાયડ B.H.M.S.
ફેમીલી ફીઝીશીયન એન્ડ સર્જન
+ બાયડ ક્લિનિક +
નાના બાળકોથી વૃધ્ધો સુધીના તમામ રોગોની
સચોટ નિદાન અને સારવાર
મદીના નગર, મોટાપીર રોડ ચોકડી, ભુજ.
ફોન : ૯૯૦૯૨ ૨૬૨૫૫ - સમય : સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૯

સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

ફારૂક FAROOQ

25th YEAR
www.farooqsaptahik.com
POSTAL REGN. No. G-KCH-146/2024-2026
Posting at BHUJ On Every FRIDAY • સાપ્તાહિક

Hooma Tea Premium Quality
એક અચ્છે દિન કી શરૂઆત....
હુમા ચાય કી ચુસ્કી કે સાથ....
હુમા ચા
૧૦૦% નેચરલ સ્વાદ જે આપે તાજગીનો અહેસાસ
F.A. TRADING CO.
મુ. લુણી, તા. મુંદરા, જી. કચ્છ-૩૭૦૪૧૦. કસ્ટમર કેર નં. : ૮૨૩ ૮૨૩ ૭૫૧૫

RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Year - 25th ★ Issue - 24 ★ Rajab - 9, H. 1446 ★ 10-JANUARY-2025, Friday ★ Pages - 4 ★ Price – Rs. 3/- ★ Visit us at : Farooqsaptahik.com

વાર્ષિક લવાજમ – Rs. 150/- ★ 'ફારૂક' સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો : ફારૂક કાર્યાલય, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છ. ૩૭૦ ૦૦૧. ફોન : 98253 76396. ★ E-mail : farooqsaptahik@gmail.com

આયુષકુમારે ઈન્સ્ટાગ્રામ પર 'નાસિર પઠાણ' નામ ધારણ કરી મહાકુંભ મેળામાં વિસ્ફોટની ધમકી આપી

પૂર્ણીયા (બિહાર)ના આયુષકુમાર જયસ્વાલ નામના યુવકે ઈન્સ્ટાગ્રામ પર નાસિર પઠાણ નામની નકલી ID બનાવી પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ)માં યોજાઈ રહેલા મહાકુંભ મેળામાં બોમ્બ વિસ્ફોટની ધમકી આપી છે તેમજ આ વિસ્ફોટમાં એક હજાર લોકો માર્યા જશે તેવો ખતરનાક દાવો કર્યો છે. પોલીસ દ્વારા આયુષકુમારની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, જયસ્વાલે તેના પાડોશી નાસિર પઠાણને ફસાવવા માટે આ નકલી પ્રોફાઈલ બનાવી હતી. તેમાં હિંદુઓને અપશબ્દો કહેવામાં આવ્યા હતા અને ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયેલ ધમકી સંદેશમાં લખ્યું છે કે : તમારા બધાને મારી નાખવામાં આવશે, ઈન્શા અલ્લાહ. શું તમે લોકો કુંભ મેળામાં આવો છો ? ત્યાં વિસ્ફોટ થશે કે ઓછામાં ઓછા ૧,૦૦૦ લોકો માર્યા જશે. અલ્લાહુ અકબર. આ મેસેજમાં આરોપીએ પોતાનું પૂર્ણિયાનું સરનામું પણ આપ્યું હતું અને કોઈને પણ તેની સામે કોઈ પગલાં લેવાની હિંમત કરવા પડકાર આપ્યો હતો. પોલીસે તેનું IP એડ્રેસ ટ્રેસ કરીને તેને શોધી કાઢયો હતો. ૧૨માં ધોરણના વિદ્યાર્થી જયસ્વાલની ઉત્તર પ્રદેશ પોલીસે ભવાનીપુર પોલીસ સાથે મળીને શહીદગંજ પંચાયત ખાતે દરોડા દરમિયાન ધરપકડ કરી હતી. આ ઓનલાઈન ધમકી ૩૧ ડિસેમ્બરે આપવામાં આવી હતી. જયસ્વાલની ઓળખ ખતરનાક માનસિકતા ધરાવતા વ્યક્તિ તરીકે કરવામાં આવી છે.

આ ઘટના અંગે રાજકીય નેતાઓએ કહ્યું હતું કે મુસ્લિમ સમુદાય વિરુધ્ધ નફરત ફેલાવવાના આવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે આ પ્રકારનું આયોજન ચોક્કસ સમુદાય વિરૂધ્ધ નફરત ફેલાવવા માટે કરવામાં આવે છે. પૂર્ણિયા, બિહારના 'આયુષ જયસ્વાલે' પ્રયાસ મહાકુંભમાં બોમ્બ ફોડવાની ધમકી આપવા માટે નકલી આઈડી બનાવી. આયુષે નાસીર પઠાણના નામે ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી અને આ વાંધાજનક વસ્તુઓ પોસ્ટ કરી, આ ષડયંત્ર અંગે દેશભરની ટીવી ચેનલોએ મોટી–મોટી સ્ટોરી ચલાવી. હવે જ્યારે પોલીસે આયુષની ધરપકડ કરીને સત્ય જાહેર કર્યું છે ત્યારે બધા ચૂપ છે. કલ્પના કરો કે દેશમાં એક સમુદાય વિરૂધ્ધ નફરત ફેલાવવા માટે કેટલું આયોજન કરવામાં આવ્યું છે.

વલ્લાહો અઅ્લમો

○ પપ્પા !
☐ જી, બેટા !
○ જાણીતા કવિ કુમાર વિશ્વાસ જે રીતે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ કરી રહ્યા છે તે પ્રમાણે તેઓ ભાજપમાં જોડાવાના હોય તેવું નથી લાગતું ?
☐ વલ્લાહો અઅ્લમો !!

સુલ્તાન હિન્દના ઉર્ષ પર મોદીએ ચાદર મોકલી

(ન્યૂઝ ડેસ્ક) સુલ્તાનુલ હિન્દ હઝરત મુઈનુદ્દીન ચિશ્તી (રહમતુલ્લાહ અલયહે)નો ૮૧૩મો વાર્ષિક ઉર્ષ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં યોજાયો, આ પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રીય કેબિનેટ મંત્રી કિરણ રિજિજુ ના હસ્તે તા. ૩–૧ ના દરગાહ શરીફ પર ચડાવવા ચાદર મોકલાવી હતી.

એલાયન્સ ઈન્ટરનેશનલ ટુર્સ & ટ્રાવેલ્સ
: ઉમરાહ બુકીંગ ચાલુ છે :
85,999/- મુંબઈ થી મુંબઈ | દિવસ 22 | 90,999/- ભુજ થી ભુજ
શબે મેઅરાજ મક્કા મુકર્રમમાં
શબે બરાત મદીના મનવ્વરામાં
રવાનગી : તા. 25/1/2025 - પરત 16/2/2025
મક્કા હોટેલ સૈફ અલ મજદ - 600 મીટર અથવા સમકક્ષ
મદીના હોટેલ નિદા તયબાહ અલ મસી અથવા સમકક્ષ
શબે બરાત મક્કા મુકર્રમમાં
રવાનગી : તા. 12/2/2025 - પરત 27/2/2025
મક્કા હોટેલ : બિલાલ હોટેલ અથવા સમકક્ષ
મદીના હોટેલ : નિદા તયબાહ અલ મસી અથવા સમકક્ષ
દિવસ 15
66,999/- મુંબઈ થી મુંબઈ | 71,999/- ભુજ થી ભુજ
મુંબઈ થી ડાયરેક્ટ ફલાઈટ - મદીના બસ સર્વિસ 24 કલાક
રીટર્ન ટિકિટ | સારી હોટેલ | ૩ ટાઈમ જમવાનું | લોન્ડ્રી | ઝમઝમ | ઝિયારત
લગેજ બેગ | સાઈડ બેગ | બદર ઝિયારત | ઉમરાહ જુરાનાથી | ઈન્સ્યોરન્સ સાથે વિઝા
સંપર્ક : યાકુબ ઈબ્રાહીમ જવેલર્સ ઉપર, સોની બજાર રીંગ રોડ, ભુજ-કચ્છ.
ઈમરાન સોનારા : 9173018292 ઝુબેર સોનારા : 7600606472

ઉલમાએ કિરામ ગંભીરતાપૂર્વક પોતાની જવાબદારીઓ અદા કરે

સુન્ની ઉલ્મા ફાઉન્ડેશનની સભામાં મૌલાના સૈયદ હાજીમોહમ્મદ અમીનશા બાવાની ભલામણ * મૌલાના મુબારક સિદ્દીકી પ્રમુખ પદે વરાયા

(ન્યુઝ ડેસ્ક)

તા. ૫–૧ ના કુંભાર સમાજવાડી, ભુજ ખાતે સુન્ની ઉલમા ફાઉન્ડેશન કચ્છની સભા મળી હતી જેમાં ફરઝંદે મુફતીએ કચ્છ મૌલાના સૈયદ અલ્હાજ મોહંમદ અમીનશા બાવાએ કચ્છના સુન્ની ઉલમાએ કિરામને ભલામણ કરી હતી કે સૈયદ સાદાત હઝરાતનો યોગ્ય એહતરામ કરવામાં આવે. મસ્જિદ મદરસા તરફથી આપવામાં આવેલી જવાબદારીઓનું ગંભીરતાપૂર્વક પાલન કરે. શરિઅત દ્વારા ઈમામત અંગેના નક્કી કરાયેલ શરતોનું પૂર્ણ રીતે પાલન કરે. પ્રથમ પોતાની જે કચાશ – અધુરાશ હોય તે પૂરી કરે, મદરસામાં આવતા તુલબાઓને શરૂઆતથી જ સચોટ ઉચ્ચાર સાથે કુર્આન શરીફની તિલાવત કરવાનું શિખવે. બાળકો નાનપણમાં મદરસાઓમાં જેમ શિખે છે તેમ આખા જીવનમાં તે મુજબ તિલાવત કરે છે માટે કાળજીપૂર્વક અરબી સચોટ ઉચ્ચાર (મખારિજ) શિખવવામાં આવે. પેશઈમામ હઝરાતે પોતાનાથી થઈ શકે તેટલો વધુમાં વધુ દીનનો કાર્ય કરવું જોઈએ. જમાઅતીઓમાં સુધારો થાય તે માટે સક્રીય રહેવું જોઈએ. એહલે સુન્નત વ જમાઅતની એકતા જાળવી રાખવા પ્રયત્ન કરવા જોઈએ.

મૌલાના મુબારક સિદ્દીકી

મૌલાના હઝરાત સોશ્યલ મીડિયા ગ્રુપ્સમાં ઈલ્મમાં વધારો થાય તેવી ઉપયોગ પોસ્ટ જરૂર નાખે. પરંતુ જે મસઅલાઓમાં વિવાદ ઉભો થવાની શક્યતાઓ હોય તેવા મેસેજ વ્યક્તિગત રીતે સંજીદા આલિમોને ફોન વડે મોકલવામાં આવે અથવા શક્ય હોય તો રૂબરૂ મળી મસઅલા વિશે જાણકારી મેળવી લેવામાં આવે. જુમ્આ નમાઝમાં એ બાબતની કાળજી લેવામાં આવે કે તકરીર બહુ લાંબી કરવામાં ન આવે. તકરીરમાં આલા હઝરત રહમતુલ્લાહ અલયહે એ દર્શાવેલા એહલે સુન્નત વ જમાઅતના અકીદાનું પ્રચાર સારી રીતે કરવામાં આવે, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે ઈબાદતના મસઅલા શિખવવામાં આવે, ઈરશાદાતે રસૂલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) બયાન કરવામાં આવે. મસ્જિદો બહાર યોજવામાં આવતી જાહેર તકરીરોમાં કોઈ એવા વિવાદિત બયાન કરવામાં ન આવે જેના લીધે તકલીફો ઉભી થાય. શબ્દો–વિષયની પસંદગીનું ખાસ ધ્યાન રાખવામાં આવે.

આ મીટિંગમાં સુન્ની ઉલમા ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે મૌલાના મુબારક સિદ્દીકી (હાલે કનૈયાબે)ની વરણી કરવામાં આવી છે. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આન મજીદથી મૌલાના ગુલામહુસૈન (પેશઈમામ – તુર્ક શાહી મસ્જિદ, ધ્રબ) એ કરી હતી. સંચાલન મૌલાના મોહંમદ સિદ્દીક સિદ્દીકીએ કર્યું હતું. દુઆએ ખૈર સૈયદ અબ્દુલકાદર કાદરી (લખપત)એ કરી હતી. સભામાં સાદાતે કિરામ, ઉલમાએ કિરામ ઉપસ્થિત રહ્યા હતા.

શું તમે CCTV Camera લગાડવા માંગો છો ?
SMS Digital Solutions તો આજે જ સંપર્ક કરો
મુંબઈમા ૧૫ વર્ષથી CCTVના જાણકાર
કચ્છમાં ઘર, દુકાન, ગોડાઉન, સ્કૂલ, ઓફિસ તથા બધા ધાર્મિક સ્થળોએ CCTV કેમેરા લગાડી દેવામાં આવશે તદ્દન વ્યાજબી ભાવે
WIFI કેમેરા - SIM કેમેરા - SOLAR કેમેરા - HD કેમેરા - IP કેમેરા વગેરે
ખાલી સેલ નહિ પરંતુ સર્વિસમાં પણ ખાસ ધ્યાન આપવામાં આવશે.
સમીર સેડાત : 9175421969
મસ્તાન સેડાત : 8999604976
ખારસરા ગ્રાઉન્ડ સામે, સંજોગનગર, ભુજ.

WAY 2 MAP IATA INTERNATIONAL TOURISM Xplore / Educate / Enjoy...
હેડ ઓફિસ ભુજ : શોપ નં. ૩, દિતી આર્કેડ, ભાદરકા હોસ્પિટલ સામે, હોસ્પિટલ રોડ. 8866462757
માંડવી ઓફિસ : જોશી રોટીવાલાની ઉપર, કલવાન રોડ. આસીફ તુરીયા 8530354886
શબે બરાત મદીના મુનવ્વરામાં
દિવસ 19 ₹84999/- દિવસ 15 ₹74999/-
ભુજ થી ભુજ
રવાનગી ૭/૨ માંડવી થી માંડવી - અમદાવાદથી ડાયરેક્ટ ફલાઈટ
ઈરાક જીયારત દિવસ 10 ₹94,999/-
ઈરાક + ઉમરાહ દિવસ 25 ₹1,65,000/-
રવાનગી ૨૦/૪/૨૦૨૫ પાસપોર્ટ જમા કરાવવાની છેલ્લી તા. ૨૫/૩/૨૦૨૫
રમઝાન ઉમરાહ એડવાન્સ બુકિંગ
પહેલા ૨૦ દિવસ ₹1,20,000/-
છેલ્લા ૨૦ દિવસ ઈદ મદીનામાં ₹1,40,000/-
રમઝાન મહિનો (૩૨-૩૪ દિવસ) ઈદ મદીનામાં ₹1,60,000/-
ઉમરાહમાં જતા પહેલા ઉમરાહની તરબીયત અને તમામ અરકાનો તથા સફરની તમામ જાણકારી આપવામાં આવશે
એડવાન્સ બુકિંગ હજ 2025
હિલ્ટોન પેકેજ ₹6,50,000/-
ડિલક્ષ પેકેજ ₹6,00,000/-
અમારા તરફથી આપવામાં આવતી કિટ
મોટું બેગ, પાસપોર્ટ બેગ, મુસલ્લો, સ્લીપર બેગ, ઉમરાહની કિતાબ, ૭ દાણાવાળી તસ્બીહ, લોન્ડ્રી, ૫ લી. ઝમઝમ, ૩ ટાઈમ કચ્છી અને ગુજરાતી શુદ્ધ ભોજન, અનુભવી ગાઈડ પુરા સફરમાં સાથે રહેશે.
અમારી સર્વિસીસ
મક્કા અને મદીના શરીફની જીયારતો, મસ્જીદે જુરાનાથી ઉમરાહ, તાઈફની જીયારત સાથે ઉમરાહ, મેદાને બદરની જીયારત
અેહમદ મેમણ, ભુજ 9998707032 | પરવેઝ શેખ, ભુજ 8140585252 | મહેબુબ બલોચ, માંડવી 8866462757 | અબ્દુલગની જત, ભુજ 9978862189
ઈમ્તિયાઝ સમા, ભુજ 9974759494 | મહેમુદશા સૈયદ, ધ્રબ-મુંદરા 8160601699 | સૈયદ હકીમશા, સલાયા 9586436163 | અસલમ સોઢા, નલીયા 9106602051

Trusted Since 1864
RIGHT CHOICE PRICE
ત્રિભોવનદાસ ભીમજી ઝવેરી
Shaadi Matlab
tbz® The original since 1864
ડાયમંડ જ્વેલરીની ઘડામણ પર 100% સુધી ની છૂટ*
ગોલ્ડ જ્વેલરીની ઘડામણ પર 50% સુધી ની છૂટ*
બ્રાઈડલ ગોલ્ડ જ્વેલરી ની ઘડામણ 12% થી શરૂ*
કોઈપણ જ્વેલર ના જુના સોના ના એક્સચેંજ પર મેળવો 100% વેલ્યુ
*શરતો લાગુ.
પ્રદર્શન અને વેચાણનું શુભારંભ :
ખત્રી અબ્દુલરશીદ ઓસમાણ (બાંધણી ક્રિએશન) ના વરદ્ હસ્તે
સ્થળ : મુસ્લિમ ખત્રી જમાતખાના, ખત્રી ચોક, ભુજ-કચ્છ.
તારીખ: 9 અને 10 જાન્યુઆરી 2025 | સમય: સવારે 10:00 થી સાંજે 8:00
TAGORE ROAD, NEAR MAHARASHTRA MANDAL,
GANDHIDHAM (02836 - 235006 / 235008)

બેશક ! જેઓ અલ્લાહના મિત્રો (વલી) છે, જેઓ ઈમાન લાવ્યા છે અને તકવા (સંયમ અને અલ્લાહથી ડર)નો માર્ગ અપનાવ્યો તેમના માટે કોઈ ભય અને દુઃખની શક્યતાઓ નથી.

(સૂરઃ યુનૂસ – ૬૨, ૬૩)

ફારૂક સાપ્તાહિક

તંત્રી સ્થાનેથી...

ખ્વાજા ગરીબ નવાઝ (રહમતુલ્લાહ અલયહે)

સુફીયત ની શક્તિ

૬ રજબ ના રોજ હઝરત મુઈનુદ્દીન ચિશ્તી ખ્વાજા ગરીબ નવાઝ રહમતુલ્લાહ અલયહે નો ઉર્ષ અજમેર (રાજસ્થાન)માં ઉજવાય છે. આ વર્ષે છઠ્ઠી રજબ ૭ જાન્યુઆરીના હતી જે દિવસે મુખ્ય ઉર્ષ ઉજવાયો હતો. ખ્વાજા ગરીબ નવાઝના ઉર્ષની તૈયારીઓ બે સપ્તાહ અગાઉથી જ શરૂ થઈ જાય છે. લાખોની સંખ્યામાં ઝાએરીનો ઉમટી પડે છે. સમગ્ર ભારત તેમજ દક્ષિણ એસિયાઈ દેશોના અકીદતમંદો ઉત્સાહપૂર્વક ઉર્ષમાં શરીક થાય છે જેમાં મુસ્લિમો ઉપરાંત અન્ય ધર્મના લોકો પણ હોય છે. ખ્વાજા ગરીબ નવાઝ દરગાહ સંકુલમાં આઠ સદીઓથી એ બાબતની કાળજી લેવાય છે કે મુસ્લિમો ઉપરાંત શાકાહારી દર્શનાર્થીઓ પણ દરગાહ શરીફની ઝિયારત માટે આવતા હોય છે તેથી લંગરમાં હંમેશા શાકાહારી ન્યાઝ રાંધવા–પિરસવામાં આવે છે. ખ્વાજા ગરીબ નવાઝની જાહેરી હયાત દરમ્યાન આપની ખાનકાહમાં સર્વ ધર્મના લોકો આવતા અને સર્વ લોકોને એક સરખો પ્રેમ, આદર, દુઆ મળતી. ખ્વાજા ગરીબ નવાઝે ફરમાવ્યું છે કે, અલ્લાહનો વલી (મિત્ર) તે છે જેમાં દરિયા જેવી સખાવત હોય, સૂર્ય જેવી ભલાઈ હોય અને ધરતી જેવી પરોણાગતતા હોય. દરિયો સર્વ માનવજાતને ઉપયોગી થાય છે, તેનો લાભ લેનારાઓમાં તે કોઈ ભેદભાવ કરતો નથી. સૂર્યનો પ્રકાશ ધરતી પર એક સરખો તમામ જીવો પર પથરાય છે અને ધરતી તેના પર વસનારા અલ્પ થી વિરાટ સુધી સૌનો વજન ઉઠાવે છે અને તેની પરોપકારિતા તમામો માટે એક સરખી હોય છે.

વિલાયતનો દરજ્જો પ્રાપ્ત કરનારા અલ્લાહની તમામ મખલૂક માટે આશીર્વાદરૂપ હોય છે, તેઓ નમ્ર, પ્રેમાળ, નરમ દિલ હોવાની સાથે સાથે દુન્યવી શક્તિઓથી બેખૌફ, બે–ગમ હોય છે. તેમને અલ્લાહની નિકટતા પ્રાપ્ત હોય છે, તેઓ એક ક્ષણ માટે પણ અલ્લાહથી ગાફિલ (બેધ્યાન) રહેતા નથી. અલ્લાહના વલી પોતાના દુન્યવી કામ–કાજોમાં રચાયેલા હોય તો પણ તેમનો એક પણ શ્વાસ અલ્લાહના ઝિક્રથી ખાલી નથી રહેતો. વલીઅલ્લાહની આ વિશેષતાને લીધે, વલીઓના દરબારમાં આવનાર લોકોને પણ અલ્લાહની નિકટતા પ્રાપ્ત થાય છે, તેમના હૃદયોમાંથી અજ્ઞાનતાના અંધકાર દૂર થઈ જાય છે અને સત્યની રોશની પ્રજ્વલિત થઈ જાય છે. આ કારણે વલીઓની નિકટતા પ્રાપ્ત કરનાર લોકોને ઈમાનની અઝીમ નેઅમત પ્રાપ્ત થાય છે. ખ્વાજા ગરીબ નવાઝ રહમતુલ્લાહ અલયહે હિ.સ. ૫૮૭ માં ભારતમાં તશરીફ લાવ્યા. આપની વિલાયત અને આધ્યાત્મિક લાભો (રૂહાની ફૈઝ)ના લીધે લાખો ભારતીઓને ઈમાનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સુફીયતની શક્તિ શહેનશાહોના તલવારોની શક્તિથી ઘણી વધુ બળૂકી હોય છે.

પ્રો. તાહેરૂલ કાદરી તસવ્વુફ (સુફીયત) શું છે, તેની શક્તિ શું છે અને એક સુફીના હૃદયની કૈફિયત શું હોય છે તેની વિગતવાર છણાવટ એક તકરીરમાં કરે છે જેમાં તેઓ હઝરત અબ્દુલકાદર જીલાની રદિયલ્લાહો અન્હો દ્વારા લખાયેલી કિતાબ 'ફુતુહુલ ગૈબ' નો સંદર્ભ ટાંકી અને કહ્યું છે કે, સુફીયતના મુખ્ય બે સિધ્ધાંત હોય છે : (૧) મખલૂક (સર્જન) સાથે સંબંધો માં નફ્સ (મનેચ્છાઓ)ને બહાર કાઢી નાખો. (૨) ખાલિક (સર્જક–અલ્લાહ) સાથે સંબંધોમાં મખલૂક (લોકો)ને બહાર કાઢી નાખો. આ બે કદમ પર કોઈ માનવી અડગ રહી સફરનો પ્રારંભ કરે તો તે અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરી શકે છે. આ બે સિધ્ધાંતોને ડો. તાહેરૂલ કાદરી આ રીતે સમજાવે છે : મખલૂક (લોકો) સાથેના સંબંધોમાં નફ્સને બહાર રાખવાનો અર્થ એ છે કે, મા–બાપ, સગા–સંબંધીઓ, ભાઈ–બહેનો, પોતાના–પારકા, સહકર્મીઓ સાથે વ્યવહારમાં હૃદયને સાફ રાખવું, જ્યારે તેમની સાથે વ્યવહાર કરવામાં આવે ત્યારે અહમ્ ('હું', 'મારૂં') ને કાઢી નાખવામાં આવે. પારિવારિક, સામાજિક, સંસ્થાકીય, વ્યવસાયિક વ્યવહારમાં સર્વે મૂંઝવણો – વિવાદની શરૂઆત જ નફ્સથી થાય છે. 'મને' તે સારો નથી લાગતો, 'મારૂં' કહ્યું તે નથી માનતો, તેણે 'મારી' ઈઝ્ઝત ન કરી, 'મેં' તેની સાથે આટલી ભલાઈ કરી પણ તેણે મારી સાથે ભલાઈ ન કરી વગેરે... વગેરે... આ રીતે ખુશ થવું, નારાજ થવું સર્વે નફ્સ છે. આ તમામ મૂંઝવણોનું કારણ એ છે કે તેમાં 'હું', 'મારૂં' દખલગીરી કરે છે. સુફીયાએ કિરામનો દરજ્જો એટલો બુલંદ હોય છે કે નફસ સંપૂર્ણપણે તેમના નિયંત્રણ હેઠળ હોય છે, કોઈનો ખરાબ વ્યવહાર તેમને વિચલિત કરી શકતો નથી, કોઈના પ્રશંસા કરવાથી તેઓ ફુલાઈ જતા નથી. તેઓ પોતાને ખાકસાર સમજે છે.

અલ્લાહ સાથે સંબંધની વાત આવે છે ત્યારે સુફીયાએ કિરામ લોકોને તેમાંથી બહાર કાઢી નાખે છે. તેઓ નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, સદકાત અદા કરે છે, મજલિસો કરે છે, દીનની તબલીગ કરે છે, લંગરો ચલાવે છે. આ અમલને સુફીયોની ભાષામાં અબદીયત કહેવામાં આવે છે. આ તમામ અમલ અલ્લાહને રાજી કરવા માટે હોય છે, આ અમલ દરમ્યાન સુફીયાએ કિરામ નથી વિચારતા કે લોકો મારા વિશે શું કહેશે ? લોકો મને જોઈ રહ્યા છે કે નથી જોઈ રહ્યા. લંગર ચલાવે છે અલ્લાહની ખાતિર અને લંગરમાં જમનાર જો રસોઈના અવગુણ કાઢે છે અને તેમને કહે છે કે ભોજન સારૂં ન હતું તો તેમને દુઃખ થતું નથી. તેમનો ધ્યાન અલ્લાહ પર કેન્દ્રિત હોય છે તેઓ અલ્લાહને ખુશ રાખવા માટે આ અમલ કરતા હોય છે. તેમના આ ગુણોના લીધે તેમનો ખાનગી જીવન પણ પ્રેમાળ હોય છે અને જાહેર જીવન પણ પ્રેમાળ હોય છે. એવું નથી હોતું કે તેઓ જાહેરમાં મૃદુભાષી હોય અને બાઅખ્લાક નજર આવતા હોય જ્યારે અંગત જીવનમાં ગેરવર્તણુંક કરતા હોય, ગાળ–ગલોચ પર ઉતરી આવતા હોય. ડો. તાહેરૂલ કાદરી કહે છે તસવ્વુફ (સુફીયત) નામ જ છે અલ્લાહ અને અલ્લાહના બંદાઓ સાથે સંબંધ (તઅલ્લુક) સુધારવાનું.

આ ગુણો જ્યારે સામાન્યજન, પીડિતોને સુફીયાએ કિરામના કિરદારમાં નજર આવે છે ત્યારે લોકો તેમનો રૂહાની ફૈઝ મેળવવા અને પોતાના જીવનને સંતુષ્ટ બનાવવા તેમના દ્વારા રજૂ કરવામાં આવતા સત્ય ધર્મ તરફ આકર્ષાય છે અને તેને સહર્ષ સ્વીકારી લે છે.

ખ્વાજા ગરીબ નવાઝ ભારત તશરીફ લાવ્યા અને અહીંના લોકોએ જ્યારે સુફીયતના ઉચ્ચ કક્ષાના ગુણ આપના કિરદારમાં જોયા તો તેમણે મનઘડત ખુદાઓને ત્યજી હકીકી સર્જકના બંદા બની ગયા. તત્સમયે અજમેર પર શક્તિશાળી રાજા પૃથ્વીરાજસિંહ ચૌહાણ નું શાસન હતું. જાહેરમાં ફકીર નજર આવતા હઝરત મુઈનુદ્દીન ચિશ્તી રહમતુલ્લાહ અલયહેની આ પ્રવૃત્તિ રાજા ને ન ગમી અને આપને અટકાવવાના પ્રયત્નો કર્યા પરંતુ અલ્લાહના વલીઓને દુનિયાનું ન ભય હોય છે ન ગમ હોય છે તેથી આપનો ફૈઝ ભારતને અવિરત મળતો રહ્યો છે જે આજે પણ ચાલુ છે.

શરિઆ અને કુદરતી કાયદાની આરસીમાં ભારતમાં યુનિફોર્મ સિવિલ કોડનો પ્રસ્તાવિત નકશો !

બશીરત ઓનલાઈન (શમ્એ ફરોઝા)

(ગતાંકથી ચાલુ)

(૬) આ કાયદામાં એક મૂળ વાત એ છે કે કોઈ પુરૂષને પત્નીની હાજરીમાં બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં, તેવી જ રીતે સ્ત્રીને પણ પતિની હાજરીમાં બીજા પુરૂષ સાથે લગ્ન કરવાની મનાઈ હશે. આનો બીજા ભાગની વાત બરોબર છે કે સ્ત્રીને બે પતિ ન હોવા જોઈએ, જો સ્ત્રીના બે પતિ હોય તો જન્મેલા બાળકોનો વંશ શંકાસ્પદ બને છે, બંને પતિ ઈચ્છે છે કે બાળકો તેમના પોતાના બને અને આ ખૂબ જ સંવેદનશીલ છે. મુદ્દો એ છે કે રક્તપાત થઈ શકે છે, એક કરતાં વધુ પુરૂષ સાથે બીજી સ્ત્રીનો સંબંધ વિવિધ રોગોનું કારણ બને છે, આ તબીબી જગતની સર્વસંમતિ છે. એઈડ્સ જેવી ખતરનાક બિમારીનું મુખ્ય કારણ બે બાબતો દ્વારા આપવામાં આવે છે. પ્રથમ : એક સ્ત્રીનો બહુવિધ પુરૂષો સાથેનો સંબંધ, બીજું : લવાતત (પુરૂષની જાતીય ઈચ્છાનો સજાતિય રીતે સંતોષ) તેથી ઈસ્લામમાં આ બન્ને બાબતો માટે બિલકુલ સ્થાન નથી. આ કાયદાનો પહેલો ભાગ કે પુરૂષને એક પત્ની હોવા છતાં બીજી પત્ની સાથે લગ્ન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં તે શરિઆના દષ્ટિકોણથી ખોટું છે, અને તે માનવ જરૂરિયાતોને અનુરૂપ નથી. પવિત્ર કુર્આને એક પુરૂષ માટે બહુવિધ લગ્નનો અવકાશ સૂચવ્યો છે. **જે ચારની સંખ્યાથી આગળ ન વધવો જોઈએ જો કે, તે બધામાં ન્યાય અને સમાનતા આવશ્યક છે, જો ન્યાય કરવાની ક્ષમતા અને શક્તિ ન હોય તો એક પત્નીથી સંતુષ્ટ રહેવાનો આદેશ આપવામાં આવે છે. (સૂરઃ નિસા, ૩)** હદીસથી એ પણ સાબિત થાય છે કે જ્યારે **એક સજ્જને ઈસ્લામ કબૂલ કર્યો ત્યારે તેના લગ્નમાં દસ મહિલાઓ હતી, પયગમ્બર સલ્લલ્લાહો અલયહે વસલ્લમએ તેને છ છોડી દેવા અને ચારને પોતાના લગ્નમાં રાખવાની સૂચના આપી હતી. (તિરમિઝી, ઈબ્ને ઉમર, હદીસ નં. ૧૧૨૮)**

એક કરતાં વધુ લગ્ન માટે પરવાનગી એ પણ એક સામાજિક આવશ્યકતા છે. ક્યારેક પત્ની તેની તબિયતને કારણે તેની સાથે જોડાયેલી જવાબદારીઓ નિભાવવામાં અસમર્થ હોય છે, ક્યારેક પુરૂષ જાતીય રીતે પરિપક્વ હોય છે અને પત્ની તેની શારીરિક માંગ પૂરી કરવામાં અસમર્થ હોય છે. આવી સ્થિતિમાં, જો તેને ફરીથી લગ્ન કરવાની મંજૂરી આપવામાં નહીં આવે તો તે ગેરકાયદેસર માર્ગ અપનાવી શકે છે અને સમાજમાં દુષ્ટતા ફેલાઈ શકે છે. એવું પણ બને છે કે કેટલીક સ્ત્રીઓ માતા બનવા માટે અસમર્થ હોય અને સંતાન પ્રાપ્તિની ઈચ્છા એ સ્વાભાવિક ઈચ્છા છે જેને ખોટી ન કહી શકાય. આ માટે પુરૂષને બીજા લગ્નની જરૂર પડે છે. ક્યારેક પતિ–પત્ની વચ્ચે આને લઈને ઊંડો દ્વેષભાવ પેદા થઈ જાય છે અને પત્ની પોતે કહે છે કે તે તેની સાથેના સંબંધને સમાપ્ત ન કરે એના કરતાં એની મરજીનો બીજો કોઈ સંબંધ હોય તો તે તેના માટે તૈયાર હોય છે. જો બીજા લગ્નની છૂટ ન હોય તો આ સંજોગોમાં સંબંધ તોડવા સિવાય કોઈ વિકલ્પ બચે નહીં.

તેથી, જો કે ઈસ્લામે બીજા લગ્નનો આદેશ કે ભલામણ કરી નથી. તેનાથી વિપરિત મોટા ભાગના કાયદા શાસ્ત્રીઓએ કહ્યું છે કે તેને એક પત્નીત્વ લગ્ન સુધી મર્યાદિત રાખવું વધુ સારૂં છે. (આલમગીરી : ૧/૩૪૧), પરંતુ તેમ છતાં, સામાજિક જરૂરિયાતોને સામે રાખીને, ન્યાય અને ન્યાયીપણાની શરત સાથે તેને મંજૂરી આપવામાં આવી છે અને આમાં મહિલાઓનો પણ હિત સમાયેલો છે. કારણ કે બીજા લગ્ન સામાન્ય રીતે છૂટાછેડા લીધેલ અને વિધવા મહિલાઓ સાથે કરવામાં આવે છે અને આ રીતે અસહાય મહિલાઓને સહારો મળે છે.

(૭) આ કાયદો એ પણ જણાવે છે કે છૂટાછેડા પહેલા કોર્ટે પુરૂષ અને સ્ત્રીને થોડા દિવસો માટે અલગ રાખવા જોઈએ અને છૂટાછેડા માટે આને ફરજિયાત જાહેર કરવામાં આવ્યું છે. પરંતુ જો કોઈ કારણસર તલાક લેવા પડે તો પતિ તલાક આપવા સક્ષમ હોય એટલે કે તે બુધ્ધિશાળી અને પરિપક્વ હોય અને પત્ની તલાક આપવા લાયક હોય એટલે કે તેણે તેની સાથે લગ્ન કર્યા હોય તે જરૂરી છે. છૂટાછેડા પહેલા બંને માટે થોડો સમય અલગ થવું જરૂરી નથી.

એ પણ ધ્યાનમાં લેવું જરૂરી છે કે શરિઅત છૂટાછેડા આપતા પહેલા એવી પધ્ધતિઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે જે સંબંધ જાળવી રાખવામાં મદદ કરે છે, જેથી છૂટાછેડા ન થાય પરંતુ કેટલીકવાર એવી પરિસ્થિતિઓ ઊભી થાય છે કે બંનેને લાંબા સમય સુધી પતિ–પત્ની તરીકે સાથે રાખવા શક્ય નથી હોતા. એ હિંસા તરફ દોરી જાય છે અને નફરત વધવાની સંભાવના બને છે. એટલા માટે ઈસ્લામે તેને ફરજિયાત બનાવ્યું નથી. પવિત્ર કુર્આનમાં છે કે **જે વ્યક્તિએ તેની પત્નીને એક કે બે વાર તલાક આપ્યા છે તેણે હવે કાં તો પહેલો રસ્તો પકડી રાખવો જોઈએ અથવા તેને સારા વર્તન સાથે છોડી દેવી જોઈએ. (સૂરઃ બકરહ, ૨૨૯)** આ કાયદો કેટલીકવાર મહિલાઓ માટે મુશ્કેલી અને તણાવનું કારણ બની શકે છે. જો કોઈ પત્ની તેના પતિથી શક્ય તેટલી વહેલી તકે છૂટકારો મેળવવા માંગે છે અને તેને તેમ કરવા માટે સમજાવી લીધો છે તો તેને વધુ રાહ જોવડાવવી એ એક પીડાદાયક પ્રક્રિયા બની શકે છે. તેથી આ અસ્વીકાર્ય છે.

(૮) છૂટાછેડાને વધુ મુશ્કેલ બનાવતા એ પણ જણાવાયુ છે કે દંપતીએ છૂટાછેડા પહેલાં એક વર્ષ કે તેથી વધુ સમય અલગ રહેલું હોવું જોઈએ અને છૂટાછેડાની અરજી દાખલ કરવાની તારીખને છ મહિના થઈ ગયા હોય. આ શરતો પણ શરિઆના ઉપદેશોની વિરૂધ્ધ છે, શરિઆમાં છૂટાછેડા માટે પતિ–પત્નીની પરસ્પર સંમતિ જરૂરી નથી અને છૂટાછેડા પહેલાં એક વર્ષ કે તેથી ઓછા કે તેથી વધુ સમય માટે અલગ થવું જરૂરી નથી. કે ન તો અરજી દાખલ કરવા માટે છ મહિના જરૂરી છે તેથી આ શરતો છૂટાછેડાના ઈસ્લામિક કાયદાની વિરુધ્ધ છે અને તેનો કોઈ તર્કસંગત આધાર નથી.

(૯) છૂટાછેડા પછી પુનર્લગ્ન એ ધારણા પર આધારિત છે કે છૂટાછેડા સામે કોઈ અપીલ નથી. અથવા અપીલની તારીખ સમાપ્ત થઈ ગઈ છે. અથવા અદાલતે તેને અમાન્ય જાહેર કરી છે. કારણ કે પતિને છૂટાછેડા આપવાની સત્તા નથી પરંતુ શરિઅતનો ચુકાદો છે કે જો પતિએ તેની પત્નીને એક કે બે વાર તલાક આપ્યા હોય તો તે તેની પત્ની પાસે પરત ફરી શકે છે અને જો છૂટાછેડાનું હુકમનામું આપવામાં આવ્યું હોય અથવા એક અથવા બે તલાક આપી દીધી હોય અને મુદત પૂરી થઈ ગઈ છે. તો બંને હવે તેમની પરસ્પર સંમતિથી લગ્ન કરી શકે છે. જો કે, જો પતિએ ત્રણ અલગ–અલગ મીટિંગમાં ત્રણ વાર તલાક આપ્યા હોય તો તમામ કાયદા શાસ્ત્રીઓના મતે ટ્રિપલ તલાક થયા છે. અને જો એક જ સમયે ત્રણ તલાક આપવામાં આવે તો ન્યાયશાસ્ત્ર અને ચારે ઈમામ મુજબ ત્રણેય તલાક થશે માત્ર અહલે–હદીસ લોકો તેને એક તલાક માને છે.

શરિઆમાં પુરૂષને આપવામાં આવેલા તલાકના અધિકારના ઘણાં ફાયદા છે, તે સ્ત્રીના સન્માન અને ગરિમાનું પણ રક્ષણ કરે છે અને તેની સામે હિંસા અટકાવવાનું એક માધ્યમ છે. જો પતિ–પત્ની વચ્ચે સુમેળ ન હોય અને પુરૂષ તેની પત્નીને છૂટાછેડા આપવા માંગે છે અને કાયદાની નજરમાં તેને કોઈ અવકાશ નથી, તો તેની પ્રતિક્રિયા હિંસા તરફ દોરી જશે તેવી ભીતિ હોય છે, જેવી રીતે આવી ઘટનાઓ દરરોજ બનતી રહે છે. અને એવો પણ ભય છે કે તે છૂટાછેડા માટે કોર્ટનો દરવાજો ખટખટાવશે અને આમાં સ્ત્રીના ચારિત્ર્ય અને નૈતિકતા પર આંગળી ચિંધાશે. જેનાથી સમાજમાં સ્ત્રી અપમાનિત થશે. તેથી છૂટાછેડાના કેસમાં કડકાઈ કરી અટકાવવાથી તેની સ્ત્રીની ગરિમાનો નાશ થશે અને સ્ત્રીની પ્રતિષ્ઠા માટે ગંભીર ખતરો ઊભો થશે.

(૧૦) આ કાયદામાં એવું પણ કહેવામાં આવ્યું છે કે જો છૂટાછેડા લીધેલ પુરૂષ એ જ સ્ત્રી સાથે ફરીથી લગ્ન કરવા માંગે છે તો તે સ્ત્રીના સંબંધ માટે હલાલા વિના પણ ફરીથી લગ્ન કરી શકે છે. આ સંદર્ભમાં જરૂરી સ્પષ્ટતા એ છે કે દરેક તલાક એવા નથી હોતા કે સ્ત્રી અને પુરૂષ વચ્ચેના સંબંધને પુનઃ સ્થાપિત કરવા માટે હલાલા કરવું જરૂરી હોય. જો તે એક કે બે રજઈ તલાક અથવા એક તલાક બાઈન આપે અથવા તલાક શબ્દ ત્રણ વખત ઉચ્ચાર કરે પરંતુ ત્રણનો આંકડો સ્પષ્ટ ન કરે અને કહે કે મારો ઈરાદો એક જ તલાક આપવાનો હતો મેં તો ભાર આપવા માટે ત્રણ શબ્દોનો ઉપયોગ કરેલો અને જો મુફતી છૂટાછેડા લેતી વખતે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફતવો આપે કે તલાક થઈ ગયા છે, તો આ બધા કિસ્સાઓમાં પુનર્લગ્ન માટે શરિઅતમાં હલાલાની કોઈ આવશ્યક્તા નથી. જો ટ્રિપલ તલાક થઈ ગયા હોય તો તે નક્કી છે કે તેમની વચ્ચે લગ્ન થઈ શકશે નહીં. જો સંયોગથી કોઈ સ્ત્રીના લગ્ન બીજા પુરૂષ સાથે થઈ જાય અને ખુદા ન ખ્વાસ્તા તેની સાથે સંબંધ ટક્યા નહીં અને છૂટાછેડાની પરિસ્થિતિ ઊભી થાય પછી બંનેએ વિચાર્યું કે તેમણે લગ્ન કરી લેવા જોઈએ તો તેમાં હલાલા ન કરવાનો અવકાશ છે. આ નિર્ણયનો હેતુ એ છે કે લોકો ટ્રિપલ તલાક આપવામાં સાવચેતી રાખે, અને આ પુરૂષ માટે આકરી સજા છે. અને એવું માનવું યોગ્ય નથી કે હલાલા એ લગ્નનું એક આયોજનબધ્ધ કૃત્ય છે કે જેમાં એક કરાર થાય છે કે અન્ય વ્યક્તિ આ સ્ત્રી સાથે એક રાત વિતાવીને તેને તલાક આપી દેશે. પરંતુ, તે એક સંયોગ છે કે સ્ત્રીએ કાયમી વૈવાહિક જીવન જીવવા માટે લગ્ન કર્યા પરંતુ સંબંધ સારો ન રહી શક્યો અને છૂટાછેડાની સ્થિતિ આવી. પછી એ વાત પર સહમતિ થઈ કે પૂર્વ પતિ–પત્ની ફરી લગ્ન જીવન શરૂ કરવા તૈયાર છે. જેને હલાલા કહેવામાં આવે છે, તેની વાસ્તવિકતા આ છે. **(ક્રમશઃ)**

લેખક :
મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાની
(ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના અધ્યક્ષ)

ઉર્દૂ પરથી ગુજરાતી ભાષાંતર :
પીર સૈયદ ઈશાકમિયાં
અલઅબ્બાસી અલહાશ્મી, ધી સ્કૂલ ઓફ
નકશબંદી, ચિશ્તિ-સાબિરી-અશરફી-સૂફી
ઓર્ડર્સ, સારાહ બાગ, ભુજ.

** નજાત **

નજાત મિલ જાયેગી
નેક 'અમલ' કરતે રહો

જિંદગી કટ જાયેગી
મૌત બરહક હય
સાથ લે જાયેગી

હક્ક કી રાહ પે ચલતે રહેના
યહી બાત આખિરતમેં
કામ આયેગી

દુનિયા ચાર દિન કી ચાંદની હય
વક્ત ગુજર જાયેગા
બાત રહ જાયેગી

બસ 'આખિરત' કા સૌદા કર લો
નજાત મિલ જાયેગી.

રચના : અબ્દુલલતીફ મેમણ, ભુજ.

Asclepius Wellness PVT. LTD. કંપનીમાં
WELCOME
ઘર બેઠા કામ કરો
પાર્ટ/ફૂલ ટાઈમ વધારાની આવક મેળવો
- નાકેરીયાત લોકો
- ગૃહિણીઓ
- સ્ટુડેન્ટ
- ધંધાદારી લોકો
- નિવૃત લોકો
- કંપની એક્ઝીક્યુટીવ
૧૮ વર્ષથી ઉપરના કોઈપણ વ્યક્તિ માટે
તમારી હાલની પ્રવૃતિ છોડ્યા વગર
દરરોજ ૧-૨ કલાક કામ કરો
તાત્કાલિત આવક
તાલીમ મળશે
એક ફોન તમારી જિંદગી બદલી શકે છે 99138 99914
LIFE CHANGING OPPORTUNITY !

ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666
અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.

કચ્છ જીલ્લાના સર્વ પ્રથમ લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત
બાળકોને બેસાડનાર ખત્ના સ્પેશ્યાલિસ્ટ શકીલ શિકારી મૂળ ભુજ કચ્છનાં રહેવાસી
હેપ્પી કિડ્સ ખત્ના @sakilshikari
લેટેસ્ટ ટેકનીક પ્લાસ્ટીબેલ રીંગ ખત્ના સુન્નત ભુજ સેન્ટર
શકીલ ચૈબા શિકારી Children Circumision
બાળકોની ખત્ના સુન્નત ઝડપી રિકવરી
પ્લાસ્ટીબેલ રીંગ લેટેસ્ટ ટેકનીક
થી ખત્ના સુન્નત બેસાડી આપવામાં આવશે.
સાંકળવાલા પીર દરગાહ પાસે, ભીડ ચોક, પીર વાલી મસ્જિદની બાજુમાં, ભુજ.
આપના કોઈપણ શહેરમાં ખત્ના (સુન્નત) બેસાડવા માટે
એપોઈન્ટમેન્ટ લેવા માટે સંપર્ક કરો : 8320661096.

ઈકબાલભાઈ : ૯૯૦૯૦ ૭૨૫૭૦
એકતા ફર્નિચર
વુડન અને સ્ટીલ ફર્નીચરના
રીટેલ તેમજ હોલસેલ વેપારી
રૂદ્ર રેસીડેન્સી, રેલ્વે ક્રોસીંગ પાસે, એરપોર્ટ રોડ, ભુજ-કચ્છ.

ફારૂક સાપ્તાહિક
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–
Gpay - 99092 26786

ઈબાદત સપ્તાહ

તારીખ	સૂર્યોદય	સૂર્યાસ્ત	ઝવાલ	અસર	મગ્રેબી	ઈફતાર
૧૩–૦૧–૨૫	૭–૩૭	૬–૨૬	૦૧–૦૧	૪–૫૦	૬–૦૮	૬–૩૦
૧૪–૦૧–૨૫	૭–૩૭	૬–૨૭	૦૧–૦૨	૪–૫૦	૬–૦૮	૬–૩૧
૧૫–૦૧–૨૫	૭–૩૭	૬–૨૮	૦૧–૦૨	૪–૫૦	૬–૦૮	૬–૩૨
૧૬–૦૧–૨૫	૭–૩૭	૬–૨૮	૦૧–૦૩	૪–૫૦	૬–૦૮	૬–૩૨
૧૭–૦૧–૨૫	૭–૩૭	૬–૨૯	૦૧–૦૩	૪–૫૦	૬–૦૮	૬–૩૩
૧૮–૦૧–૨૫	૭–૩૭	૬–૩૦	૦૧–૦૪	૪–૫૫	૬–૦૮	૬–૩૪
૧૯–૦૧–૨૫	૭–૩૭	૬–૩૧	૦૧–૦૪	૪–૫૫	૬–૦૮	૬–૩૫

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

મુંદ્રા માટે ૨ મિનિટ બાદ કરવી
અંજાર માટે ૩ મિનિટ બાદ કરવી
કંડલા માટે ૩.૩૦ મિનિટ બાદ કરવી
ભચાઉ માટે ૫ મિનિટ બાદ કરવી
રાપર માટે ૬ મિનિટ બાદ કરવી
નખત્રાણા માટે ૨ મિનિટ ઉમેરવી
નલિયા માટે ૩ મિનિટ ઉમેરવી
લખપત માટે ૪ મિનિટ ઉમેરવી

શરહે અહકામ

(કુર્આન શરીફ અને અહાદીસે મુબારકાની રોશનીમાં)

સંકલન : હસીનાબેન એ. મારા (B.Sc., B.Ed.), ભુજ-કચ્છ.

તય્યમુમ

અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના હબીબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને અન્ય અંબિયા (અલયહિમુસ્સલામ) કરતા વધારે ઈનામ આપીને નવાઝ્યા. એક ખાસ (અનન્ય) ઈનામ આપ્યું તે **તય્યમુમ** છે. જે રીતે અગાઉના લોકો માટે પવિત્રતા પ્રાપ્ત કરવા માટે પાણીનો ઉપયોગ કરવાનો હતો, એના સિવાય અન્ય કોઈ વસ્તુ વડે નહીં. નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે માટીને પાક કરનાર બનાવવામાં આવ્યું. **માટી વડે પવિત્રતા (પાકી) મેળવવાનો નિયત (ઈરાદો) કરવામાં આવે છે, જેને તય્યમુમ કહેવામાં આવે છે.**

તય્યમુમ માટે કેટલાક નિયમો, કેટલીક શરતો છે, કે **જ્યારે મનુષ્ય પાણી મેળવવા માટે સક્ષમ નથી એવા સમયે જ તય્યમુમ કરી શકે છે** અને પાણી ન મળે એવી પરિસ્થિતિ પણ **નિયત** કરીને તહારતનું લાભ લઈ શકે છે. **તય્યમુમ** કરવા માટે **નિયત** કરવી શરત છે. કારણ કે માટી પોતે એવું ગુણ નથી ધરાવતી કે તે પાક કરે. પરંતુ તે તો આલુદા કરે છે. હવે જો તેનાથી તહારતનું લાભ મેળવવો હોય તો નિયત કરવી પડશે, પછી તે જરૂર ફાયદો અપાવશે. **તય્યમુમ** કરવા માટે **નિયત** કરવી શરત છે. **નિયત દિલના દઢ ઈરાદાને કહે છે**, કે જ્યારે તય્યમુમ કરવું હોય ત્યારે નિયત કરે. **હું અલ્લાહ તબારક વ તઆલાના કુર્બ માટે, અલ્લાહની રિઝા માટે આ માટીથી તહારત મેળવું છું અથવા હું નમાઝને જાઈઝ કરવા માટે માટીથી તય્યમુમ કરું છું.** આને પણ નિયત કહેવાશે. હવે આ કાર્ય ઈબાદત પણ ગણાશે અને માટી તહારતનું લાભ અપાવશે.

તય્યમુમના આ સિવાયના બે ફરજ હોય છે, સંપૂર્ણ ચહેરાનું **મસહ (સ્પર્શ)** કરવો અને બન્ને હાથનું કોણી સહિત મસહ કરવો. હવે કોઈ વ્યક્તિ બેવુઝૂ હોય અથવા બેગુસલ હોય અથવા હાલતે જનાબતમાં હોય અને પાણી ન મળે બન્ને માટે **તય્યમુમ** કરવાની પધ્ધતિ એક જ છે. ચહેરાનું **મસહ (સ્પર્શ)** કરવો અને બન્ને હાથનું કોણી સહિત **મસહ** કરવો. જેની પધ્ધતિ આ મુજબ છે, સૌ પ્રથમ **બિસ્મિલ્લાહ** પઢો. **બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ** પઢીને આંગળીઓને સહેજ પહોળી કરી અને માટી પર હાથ મૂકીને હાથને આગળ–પાછળ ખસેડવા, જેથી હાથ પર માટી લાગી જશે. હવે અંગૂઠાના છેડાને પરસ્પર અથડાવવાથી માટી ખરી જશે. આ રીતે કરવું સુન્નત છે. ત્યારબાદ બચેલી માટે વડે **મસહ (સ્પર્શ)** કરવો.

અગાઉ આપને જણાવી દીધું છે કે ચહેરાની સીમા કપાળ પર જ્યાંથી માથાના વાળ ઉગવાની શરૂઆત થાય છે. નીચલા જડાબા સુધી અને એક કાનની બુટથી બીજા કાનની બુટ સુધી સંપૂર્ણ ચહેરો છે. આ રીતે જ્યારે માટી પર હાથ માર્યા બાદ ચહેરા પર **મસહ (સ્પર્શ)** કરવામાં આવે ત્યારે ખાસ કાળજી રાખવાની છે કે કોઈ ભાગ બાકી રહી ન જાય. જેમકે હોઠનો ભાગ બંધ કર્યા બાદ સ્પષ્ટ દેખાય છે એના પર પણ હાથ ફેરવવું ફરજ છે. કારણ કે એક જગ્યા પણ બાકી રહી ગઈ તો **તય્યમુમ** નહીં થાય.

જો કોઈએ આલુદગીથી બચવા માટે હોઠ બંધ કરી દીધા અથવા દબાવી દીધા તો એટલો ભાગ અંદર દબાઈ ગયો અને એટલા ભાગમાં મસહ ન થયો, આથી **તય્યમુમ** થશે નહીં. જેમકે પાણીનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવાથી વુઝૂ પૂર્ણ થતું નથી. એ જ રીતે મસહ સંપૂર્ણ ન થવાના કારણે તે વ્યક્તિની બાહ્ય તહારત નહીં ગણાય. ત્યારબાદ બીજીવાર માટી પર આવી જ રીતે હાથ મારે અને આગળ–પાછળ ખસેડે, ત્યારબાદ બન્ને અંગૂઠાને પરસ્પર ઝાટકે અને બીજીવાર ડાબા હાથ વડે જમણા હાથનું કોણી સહિત **મસહ** કરે. આગળથી છેક હાથ પાછળ સુધી લાવી હાથને ફરાવીને પાછો આગળ સુધી લાવવું. આ રીતે જમણા હાથ વડે ડાબા હાથનું **મસહ** કરવો. બન્ને હાથની આંગળીઓ વડે બીજા હાથની આંગળીઓનો ખિલાલ કરવો (બન્ને હાથની આંગળીઓ પરસ્પર એકબીજા માંથી પસાર કરવી.) આ રીતે સંપૂર્ણપણે બધી જગ્યાએ સારી રીતે હાથ ફેરાઈ ગયો, તો સંપૂર્ણપણે **તય્યમુમ** થઈ ગયો અને હવે તમે નમાઝ અદા કરી શકો છો.

(ક્રમશઃ)

મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે

સવાલઃ એક માણસે મૈયતને ગુસલ આપ્યો પછી પોતે ગુસલ કર્યો નહિં માત્ર વુઝૂ કરીને નમાઝ પઢાવી તો શું આ નમાઝ થઈ કે નહિં ? અને મૈયતને ગુસલ દેવા વાળા માટે પોતે ગુસલ કરવો જરૂરી છે કે કેમ ?

જવાબઃ મૈયતને ગુસલ દીધા પછી ગુસલ આપવાવાળા માટે પોતે ગુસલ કરવું જરૂરી નથી. હા, જો ગુસલ આપતી વખતે તેના ગંદા પાણીના છાંટા શરીર અને કપડાં ઉપર પડયા હોય તો નજાસત (નાપાકી) લાગવાને કારણે કપડાં બદલવા અથવા ધોવા પડશે અને છાંટા ઉડવાને કારણે શરીર નાપાક થઈ ગયું હોય તો શરીર પણ ધોવું પડશે.

સવાલઃ હૈઝ અને નિફાસવાળી ઔરત અથવા જે મર્દને ગુસલની જરૂર છે તે મૈયતને ગુસલ આપી શકે છે કે કેમ ?

જવાબઃ મૈયતને ગુસલ આપનાર પાક–સાફ હોય એ મુસ્તહબ છે અને અફઝલ છે, પણ સંજોગોવસાત ગુસલ આપનારી હૈઝ અને નિફાસવાળી ઔરત નાપાકીની હાલતમાં પણ ગુસલ આપી શકે છે પણ જેને ગુસલે જનાબત (એટલે કે જેને પોતે નહાવું ફઝ) છે તો પહેલાં પોતે ગુસલ કરી લે પછી મૈયતને ગુસલ આપે. પણ જનાબતવાળો પણ ગુસલ કર્યા વગર ગુસલ આપશે તો થઈ જશે પણ એમ કરવામાં કરાહત છે.

(બહારે શરીઅત)

સવાલઃ પતિ અને પત્ની એક પથારી ઉપર ઊંઘતા હતા. સવારે પથારી ભીની જણાઈ, ખ્વાબ બંનેને યાદ નથી અને બેઉ ખ્વાબનો ઈન્કાર કરે છે, તો હવે ગુસલ કોના ઉપર વાજિબ થશે ?

જવાબઃ આવી પરિસ્થિતિમાં બહેતર એ છે કે મર્દ અને ઔરત બંને ગુસલ કરી લે એ જ ફતવો છે.

સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ

મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ. મો. : ૯૮૭૯૮ ૪૩૦૧૮

ઝિક્રે દુરૂદ વ ઈસ્તિગફાર

(ન્યુઝ ડેસ્ક) તા. ૧૩–૧, સોમવારના બપોરે ૩:૩૦ કલાકે બહેનો માટે દરૂદ અને ઈસ્તિગફારની બખ્શિસનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે જેમાં શરીક થવા તમામ બહેનોને જાહેર આમંત્રણ આપવામાં આવે છે. સ્થળ : મદરસા ગુલશને ફાતેમતુઝ્ઝહરા, સરપટ ગેટ અંદર, ભુજ.

પ્રશ્નોત્તરી – ૧૨૨૨

ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

(૧) મસ્જિદે હરમમાં આવેલા ક્યા બે પથ્થર જન્નતમાંથી આવ્યા છે ?

(૨) વુઝૂમાં વસવસા નાખવાવાળા શૈતાનનું નામ શું છે ?

(૩) દુનિયામાં સૌથી વધુ ખજૂર ક્યા દેશમાં થાય છે ?

(૪) 125 રૂ. MRP વાળી એક ડઝન પેન્સિલ 20% છૂટ પર મળે છે. તો 75 રૂ. માં કેટલી પેન્સિલ મળે ?

(૫) લોકસભા – 2024 માં ક્યા રાજ્યમાં સૌથી વધુ મતદાન (ટકાવારી) થયું ?

પરખ–૧૨૨૦નાં જવાબ :

(૧) અલ્લાહ પાકે આગને જહન્નમનું સ્મૃતિચિહ્ન બનાવ્યું છે.

(૨) કૌમે આદ પર સાત રાતો અને આઠ દિવસો સુધી વંટોળીયાનો અઝાબ રહ્યો.

(૩) એક માણસ 20 ડઝન ઈંડાં 720 રૂ. માં ખરીદે છે. પ્રત્યેક ઈંડું 3 રૂપિયા 60 પૈસામાં વેંચે તો તેને 20% નફો થાય.

(૪) જલીયાંવાલા બાગ હત્યાકાંડ પછી રવિન્દ્રનાથ ટાગોરે નાઈટહૂડ ઉપાધી પરત કરી.

(૫) કેન્સર સંબંધી અભ્યાસનાં વિજ્ઞાનને એન્કોલોજી કહે છે.

પાંચ સાચા જવાબ આપનાર વાચકો :

ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

ચાર સાચા જવાબ આપનાર વાચકો :

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

કુંભાર તૈયબ હાસમ–નલીયા.

નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.

નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.

નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)

ગનીભાઈ એમ. કુંભાર (વારસાગત)
97125 97343
હકીમ વૈદ્ય
સ્પે. હાડકા, ફેકચર, ચામડીના રોગો, સંધીવા, સાઈટીકા, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, ગેસ, હરસ, મસા તથા દરેક પ્રકારના રોગોનું નિદાન કરનાર
ભીડ નાકા બહાર, મહેદી કોલોની, સુરલભીટ રોડ, ભુજ.
સવારે ૯ થી ૧, બપોરે ૩ થી ૬ સુધી
દર રવિવારે બંધ રહેશે

ડિલક્ષ ઉમરાહ 96500 સફર ૨૧ દિવસ
બજેટ ઉમરાહ 77500 સફર ૧૭ દિવસ
રવાનગી ૩૦ જાન્યુઆરી ઈન્શાઅલ્લાહ
અમદાવાદ થી અમદાવાદ ડાયરેકટ ફ્લાઈટ
ડિલક્ષ મદીના હોટલ 200 મીટર અને મક્કા હોટલ 500 મીટર
બજેટમાં મક્કા-મદીનાની હોટલ ૮૦૦ થી ૯૦૦ મીટર
● ઉમરાહ અદાયગી ● ઝિયારત ● શોપીંગ દરેક જગ્યાએ સાથે
● લગેજ બેગ ● હેન્ડબેગ ● તસ્બીહ
● ઉમરાહ ગાઈડ ● ૫ લી. ઝમઝમ ● અનલિમિટેડ લોન્ડ્રી ફ્રી
ઈરાક-બગદાદ ઝિયારત 95000/- સફર દિવસ 12
ઉમરાહ સાથે ઈરાક ઝિયારત 195000/- સફર દિવસ 27
: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :
જીલાની ટુર
ઘાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની
ફોન : ૯૯૦૯૮ ૬૬૭૮૬

જોઈએ છે
કાપડની દુકાનમાં કામ કરી શકે તેવા લેડીઝ/જેન્ટ્સ.
ઉ.વ. ૧૮ થી ૩૦
ધોરણ ૮ પાસ
ફકત ભુજ રહેવાસીએ સંપર્ક કરવો
મો. 98254 34680

: નોંધ :

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઇ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી

કંકોત્રી
એલાઈટ પ્રિન્ટર્સ
સુમરા ડેલી સામે, ભુજ-કચ્છ.
ફોન : ૯૮૨૫૩ ૭૬૩૯૬

એલાઈટ ગ્રાફીકસ
કંકોત્રી, વિ. કાર્ડ, લેટરપેડ, બિલબુક, આમંત્રણ કાર્ડ વગેરે પ્રિન્ટીંગ માટે મળો
હસનપીર બજાર, મુન્દ્રા. ફોન : ૨૨૨૨૯૬

SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુકવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957

મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય ગૃહશાળા, ભુજ

જેમણે ઈમાન રાખી સારા કાર્યો કર્યા તેઓ બાગોના માલિક થશે

હાલનું સરનામું : આમદભાના નિવાસ સ્થાને

પોલીસ સ્ટેશન પાછળ, સરપટ નાકા અંદર, ભુજ. ફોન : ૯૯૭૪૮ ૪૩૬૩૨

૧૧૦ વૃધ્ધ જરૂરતમંદોને માસ ડિસેમ્બરમાં જમાડવાનો ખર્ચ તથા દાતાઓ તરફથી મળેલ દાનની વિગત

અનાજ આવક			
ઘઉં કિલ્લો	૦૬	કઠોળ કિલ્લો	૫૪
ચોખા કિલ્લો	૧૩૬	મિઠાઈ	૮ વખત
તીરૂપતી તેલ ડબ્બા	૦૪	ખાવો	૧ વખત
મસાલા કિલ્લો	૧૪	અન્ય	-

આવક		ખર્ચ	
રોકડ આવક	રૂા. ૭૦,૯૫૦/-	વૃધ્ધ ભોજન ખર્ચ	રૂા. ૮૫,૦૦૦/-
અનાજ આવક આશરે	રૂા. ૩૦,૫૦૦/-	બહેન રાહત રોજગાર ખર્ચ	રૂા. ૮૪,૩૫૦/-
કુલ આવક	રૂા. ૧,૦૧,૪૫૦/-	પેટ્રોલ, પરચૂરણ ખર્ચ	રૂા. ૬,૦૦૦/-
ખુટતી રકમ	રૂા. ૭૩,૯૦૦/-	મુઈન ખાતો ખર્ચ	-
	રૂા. ૧,૭૫,૩૫૦/-		રૂા. ૧,૭૫,૩૫૦/-

માસ ડિસેમ્બર માં રૂા. ૭૩,૯૦૦/- ની રકમ ખર્ચની સામે ખુટી છે

: આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :

Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

અરેબીક અને ઈન્ડિયન અત્તર, પરફ્યુમ્સ
પરફ્યુમ મેકિંગ મટીરીયલ, લોબાન-બખૂર
તથા હજ-ઉમરાહ હદીયા માટે
ઝમઝમ બોટલ, તસ્બીહ વગેરે આઈટમ્સ
મેળવવા માટેનો વિશ્વાસપાત્ર સ્થળ
હરમૈન પરફ્યુમ્સ
હોલસેલ તથા રિટેલ
عطورات حرمين
વોકળા ફળિયા, ભુજ-કચ્છ.
9638900669 harmainperfumes
AL HARAMAIN
SWISS ARABIAN
Rasasi

SINCE 1997
હાજીપીર® હજ ટુર
૨૮ વર્ષ
ભારત સરકાર દ્વારા માન્ય કચ્છ-સૌરાષ્ટ્ર-મુંબઈની ૨૮ વર્ષથી જાણીતી હજ ઉમરાહ ઝિયારત ટુર કંપની
અલ્હમ્દુલિલ્લાહ હજ્જ 2025નો હજ્જ કોટો એલોટ થઈ ગયેલ છે
આ વર્ષે હજ્જ 2025 માટે હાજીઓની સૂચનાઓને ધ્યાનમાં રાખીને હજ્જ પ્રવાસને વધારે સગવડ દાયક બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.
હજ્જ 2025 બુકીંગ ચાલુ છે
31-1-25 પહેલા બુકીંગ માટે ખાસ ઓફર
સેમી ડિલક્ષ હજ્જ
અમદાવાદ થી અમદાવાદ
બજેટ હજ્જ પેકેજ
જરૂરીયાત મુજબ કીફાયતી પેકેજ
મક્કામાં અદ્યતન હોટલ
મદીનામાં બાબુસ્સલામ નજીક હોટલ
અઝીઝીયામાં ફક્ત ૫ થી ૬ રાત્રીનું રોકાણ
અત્યંત વ્યવસ્થિત પ્રોગ્રામ જેથી હાજીઓનો રૂહાની જઝબો તેમજ દિલચસ્પી સમગ્ર સફર દરમ્યાન જળવાઈ રહે તેવું આયોજન
વિવિધ હજ્જ પેકેજની માહિતી અને ખર્ચ જાણવા રૂબરૂ મળો :
99796 78692 | 90650 78692
ઓફીસ નં. ૨, ૧૯૨, આલ્ફા આર્કેડ, સુમરા ડેલી ચાર રસ્તા, આશાપુરા રીંગ રોડ, ભુજ. ૩૭૦૦૦૧. કચ્છ-ગુજરાત ભારત
મુંબઈ : શાંતિ નિકેતન બિલ્ડીંગ, શોપ નં. ૯, એલ.જે. રોડ, માહિમ, મુંબઈ.
ફોન : 9820395562, 9820922565.
@hajipirhajtour Hajipir Haj Tour hajipirhajtour.com

વાહેદના શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

ધી મુસ્લિમ મેડિકલ એન્ડ એજ્યુકેશનલ રિલીફ ટ્રસ્ટ, ભુજ સંચાલિત વાહેદના શિક્ષણ સંકુલના પ્રાથમિક તથા માધ્યમિક શાળાના છાત્રોનો શૈક્ષણિક પ્રવાસ રામપર અબડા ખાતે યોજવામાં આવ્યું હતું.

પ્રવાસમાં કુલ ૨૧૦ બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. એક દિવસના પ્રવાસ દરમ્યાન છાત્રોએ સૌપ્રથમ રામપર અબડા ખાતે આવેલી સુમરી દાદીયુમાંની દરગાહની મુલાકાત લીધી. બપોરે સામૂહિક ભોજન લીધા બાદ તમામ છાત્રોએ જુદી જુદી રમતો રમ્યા હતા. વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

ત્યારબાદ છાત્રોને વાયોર ખાતે આવેલ ઈસ્માઈલશા પીર (લાંગોપીર)ની દરગાહ શરીફ પર લઈ જવામાં આવ્યા. ત્યાં દૈનિક ક્રમ પ્રમાણે મોટી સંખ્યામાં મોર અને ઢેલ ચણવા માટે આવે છે. વિદ્યાર્થીઓ મોરને મોટા સમૂહમાં જોઈ ખૂબ ખુશ થયા હતા.

પ્રાથમિક શાળાના આચાર્ય અબ્દુલગફાર જુણેજા તથા માધ્યમિક વિભાગના આચાર્ય સુરેશ કાનાણી તથા સ્ટાફગણે પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપેલ.

સમયનો સદ્ઉપયોગ સફળતા અપાવે છે

મુસ્લિમ મીયાણા ગરાસીયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

તા. ૫–૧ ના ભુજ ખાતે મુસ્લિમ મીયાણા ગરાસીયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ઈદ્રીસ હાજીસિદ્દીક ત્રાયાના માર્ગદર્શન હેઠળ ધો. ૧૦–૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો જેમાં મુસ્લિમ હાઈસ્કૂલના આચાર્ય જુસબખાન ટાંકે જણાવ્યું કે, સમય સૂચકતાને ધ્યાનમાં રાખીને ૫ થી ૬ કલાક વાંચન કરવું, પરીક્ષા સંબંધિત તણાવથી દૂર રહેવા માટેના ઉપાય સૂચવ્યા, વેકેશન દરમ્યાન સમયનો સદ્ઉપયોગ કરવા જણાવ્યું. ITI કોલેજના પ્રોફેસર ખત્રી શબ્બીરઅહેમદ દ્વારા ધો. ૧૦, ૧૨ બાદ અભ્યાસક્રમની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ. ડિપ્લોમા અને ડિગ્રી ઈન્જિનીયરિંગ, મેડિકલ કોર્સિસ, I.T.I., C.A., M.B.A., UPSC, GPSC વગેરે વિકલ્પ સૂચવ્યા.

આ શૈક્ષણિક પ્રોગ્રામમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલું હતું. સમાજના મોભીઓ વહાબ ભચુ, લતીફ ગગડા, ઈમરાન રોહા, અબ્દુલ સોઢા હાજર રહ્યા હતા. સંચાલન ટ્રસ્ટીઓ કાસમ હારૂન પડયાર (શિક્ષક) અને સુલેમાન નૂરમામદ સના (શિક્ષક)એ કર્યું હતું. પ્રોગ્રામને સફળ બનાવવા લતીફ ગગડાએ જહેમત ઉઠાવી હતી.

શિરવા જમાતના હોદેદાર વરાયા

(ન્યુઝ ડેસ્ક)

શિરવા સુન્ની મુસ્લિમ જમાતના હોદેદારોની વરણી કરવા સભા મળી હતી જેમાં સૈયદ જમીલશા હાજીકાદરશા બિનહરીફ પ્રમુખ રિપીટ કરવામાં આવ્યા, ઉપપ્રમુખ ઓસમાણ શિરૂની નિમણુંક કરવામાંઆવી. સભામાં સૈયદ હાજી કાદરશા બાવા તેમજ જમાતના આગેવાનો અનેસભ્યો હાજર રહ્યા હતા.

વી. જે. મદરસા શાળામાં

‘વન ડે ફન ડે કાર્નિવલ’ ઉજવાયો

(ન્યુઝ ડેસ્ક)

ગાંધીજીને સૌ પ્રથમવાર આફ્રિકા બોલાવનાર શેઠ હાજી અબ્દુલ્લાહ ઝવેરી દ્વારા ૧–૧–૧૮૮૭ ના મુસ્લિમ સમાજમાં શિક્ષણની જયોત પ્રજવલ્લિત રહે તે માટે વી. જે. મદરસા બોયઝ એન્ડ ગર્લ્સ હાઈસ્કૂલની સ્થાપના પોરબંદરમાં કરવામાં આવી હતી જે આજે ૧૩૮ વર્ષે પણ અકબંધ છે. તા. ૧–૧ ના શાળાના સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત ‘વન ડે ફન ડે કાર્નિવલ’ યોજાયો જેમાં ફૂડ ઝોન, ગેમ ઝોન, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, મહેંદી સ્પર્ધા, વૈજ્ઞાનિક કૃતિઓ, વેશભુષા વગેરે સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.

આ સ્પર્ધાઓમાં LKG થી ધો. ૧૨ સુધીના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર અને અવ્વલ રહેનાર વિદ્યાર્થીઓને શિલ્ડ – સર્ટિફિકેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્પર્ધામાં જજ તરીકે માહરુખ સીમરન, હેતલબેન જુંગી, નિરાલીબેન રૂધાણીએ સેવાઓ આપી હતી. વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલ ઈસ્માઈલ મુલતાની, ગર્લ્સ સ્કૂલના પ્રિન્સિપાલ અમૃતાબેન બામણીયા, ઈંગ્લીશ મીડિયમ પ્રા. સ્કૂલના પ્રિન્સિપાલ હેતલ સોનિગ્રા, પ્રો. આકીબ હામદાની, શિવાની સામાની તથા સ્ટાફના માર્ગદર્શન હેઠળ તૈયારી કરી હતી. મદરસાના ઓન. સેક્રેટરી ફારૂક સુર્યાએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

દાવતે ઈસ્લામી ઈન્ડિયા દ્વારા ભુજમાં ધાબડા વિતરણ

GNRF
DAWAT-E-ISLAMI INDIA
GNRF
Garib Nawaz Relief Foundation
A Welfare Division of Dawateislami India
રીબ નવાઝ રીલીફ ફાઉન્
BHUJ

(ન્યુઝ ડેસ્ક)

દાવતે ઈસ્લામી ઈન્ડિયા હેઠળના ગરીબ નવાઝ રિલીફ ફાઉન્ડેશન (GNRF) દ્વારા ભુજમાં રાત્રીના સમયે રસ્તા પર સૂઈ રહેલા ગરીબ લોકો માટે ગરમ ધાબડા વિતરણ કરવામાં આવ્યા. આ સેવાકાર્યનો હેતુ ઠંડીના સમયમાં ગરીબ અને જરૂરતમંદ લોકોની મદદ કરવી અને તેમના જીવનમાં ગરમાહટ લાવવાનો હતો. વોલિન્ટિયર્સની ટીમે રાત્રી દરમ્યાન વિવિધ વિસ્તારોમાં જઈને ગરમ ધાબડા પહોંચાડયા હતા. GNRF હંમેશા સમાજના નબળા વર્ગની સેવા માટે તત્પર રહે છે.

મુસ્લિમ હાઈસ્કૂલમાં રમતોત્સવ યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

તા. ૨–૧ ના ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત પ્રાથમિક શાળા ગુજરાતી માધ્યમમાં વાર્ષિક રમતોત્સવના આરંભ અને સમાપનની વિધિ સંસ્થાના પ્રમુખ અલીમોહમ્મદ જતે કરાવી હતી, તેમણે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ઉપપ્રમુખ અમીરઅલી લોઢીયા અને સેક્રેટરી જુમા નોડેએ વકતવ્ય વડે રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા. રસ્સા ખેંચ, લીંબુ ચમચી, બટેટા દોડ, રેસ, વિઘ્ન દોડ, રીલે, કોથળા દોળ વગેરે રમતો યોજાઈ હતી.

આચાર્ય ઈશાકમિયાં સૈયદની સીધી દેખરેખ હેઠળ રમતોત્સવ યોજાયો. સુપરવાઈઝર સાહિસ્તાબેન મેમણે સંપૂર્ણ રમતોત્સવનું સંકલન કરેલ. સંચાલન ખતીજામા સૈયદ અને નિર્મળાબેન ગરવાએ સંભાળેલ. શાળાના પી.ટી. શિક્ષિકા રૂબીનાબેન લુહારની દેખરેખ હેઠળ રમાડવામાં આવેલ. સુમનબેન ખોજા, સાજીદભાઈ, નારેજાભાઈ, સમદભાઈ વગેરેએ સહયોગ આપ્યો હતો.

ચિત્રાવડ શાળામાં

રમતોત્સવ યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

ચિત્રાવડ (તા. તાલાલા, જી. ગીર સોમનાથ) સ્થિત શાળામાં ધો. ૩ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણના ભાગરૂપે દોડ, કુદ અને ફેંક જેવી એથ્લેટિકની સ્પર્ધાઓ રમાઈ હતી. ૧૨૦ જેટલા વિદ્યાર્થી ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. આ પ્રસંગે જાવંત્રી પંચાયતના સરપંચ અલ્તાફ બલોચ, ચિત્રાવડ હાઈસ્કૂલના આચાર્યા શ્રીમતી દમયંતીબેન વસોયા, RFO દિનેશ મકવાણા, મંત્રી શૈલેષ મકવાણા, ગામના ઉપસરપંચ સિરાજભાઈ તેમજ સમાજના આગેવાનો ઉપસ્થિત રહેલા. આયોજક અયુબ જીકાણી, અયુબ રાઠોડ, ઈમરાન મજગુલ, ઈકરા હોસ્ટેલ અને મુસ્લિમ યુવાનોના સહયોગથી થયેલ હતો.

અદાણી પોર્ટસે

કાર્ગો હેન્ડલિંગમાં વિક્રમો સર્જયા

(ન્યુઝ ડેસ્ક)

અદાણી પોર્ટ્સ મુંદરા મરીન ટીમે ૨૦૨૪માં સતત ચોથા મહિને મરીન વિભાગે જહાજો હેન્ડલ અને મુવમેન્ટ્સ કરવામાં રાષ્ટ્રીય રેકોર્ડ્સ તોડયા છે. સપ્ટેમ્બરમાં ૩૮૦ જહાજો અને ૭૮૩ મુવમેન્ટ્સ, ઓકટોબરમાં ૩૯૩ જહાજો અને ૮૨૩ મુવમેન્ટ્સ, નવેમ્બરમાં ૩૯૬ જહાજો અને ૮૪૫ મુવમેન્ટ્સ તો ડિસેમ્બરમાં ૪૦૬ જહાજો અને ૮૭૬ મુવમેન્ટ્સના વિક્રમો સર્જયા છે.

બીજી તરફ તુણા પોર્ટે પણ ડિસેમ્બર ૨૦૨૪માં નોંધપાત્ર સીમાચિન્હો હાંસિલ કર્યા છે. માર્ચ ૨૦૨૪માં સેટ કરેલા ૧૫ જહાજોના અગાઉના રેકોર્ડને વટાવીને તુણાએ કુલ ૧૮ જહાજો સાથે એક મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ જહાજોનું હેન્ડલિંગ કર્યું છે.

આસંબીયા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

મોટા આસંબિયા (તા. માંડવી) મુકામે અખિલ કચ્છ મુસ્લિમ ચૌહાણ સમાજ દ્વારા લાયન્સ હોસ્પિટલના સહકારથી મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો જેમાં ૧૧૦ લોકોએ ચેકઅપ કરાવ્યો હતો જેમાં ૧૦ દર્દી ઓપરેશન લાયક જણાયા હતા. આસંબિયા મધ્યે અખિલ કચ્છ મુસ્લિમ ચૌહાણ સમાજના પ્રમુખ ઈમરાન ચૌહાણ અને આસંબિયા મુસ્લિમ જમાતના પ્રમુખ સલીમ કુંભાર તેમજ ઈશાક લાંગાય, સૈયદ નદીમશા, મોગલ ઈસ્માઈલ કાસમ અને આસંબિયા પોલીસ સ્ટેશનના વિપુલભાઈનું સન્માન ચૌહાણ સમાજના આગેવાનો દ્વારા કરવામાં આવ્યો હતો.

એલ. એન. એમ. હોસ્પિટલના શૈલેષ પરમાર, હરેશ પરમાર, સુરેશ ચંદેનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

કેમ્પનું આયોજન આસંબિયા ચૌહાણ સમાજના યુવાનો ચૌહાણ સતાર ઈલિયાસ, ચૌહાણ ઈમરાન સિદ્દીક, ચૌહાણ સતાર બાબુ, ચૌહાણ નૂરહુસૈન રમજુ, ચૌહાણ સતાર મામદ, શકીલ ચૌહાણ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

રાશન કાર્ડ–આધાર કાર્ડ લિન્ક કેમ્પ યોજાયો

(ન્યુઝ ડેસ્ક)

કલાવૃંદ કલબ તથા કરાઓકે ધી મ્યુઝિકલ જર્નીના ઉપક્રમે સેવાના હેતુથી સભ્યો તેમજ આમ જનતા માટે રાશન કાર્ડ સાથે આધાર કાર્ડ લિન્ક કરવાનું કેમ્પ પ્રમુખ અશોક માંડલિયાના અધ્યક્ષપદે યોજાયો. જેતુનબેન, મેમુનાબેન, વિણાબેન માંડલિયા, મૃદુલાબેન ગઢવી, હેમાલીબેન માંડલિયાએ વ્યવસ્થા સંભાળી હતી. મહામંત્રી હેમાલીબેન માંડલિયાએ આભારવિધિ કરી હતી.

એ.કે. ફેબ્રીકસ
નમાઝ ટોપી, હાજી રૂમાલ
ઓઢણા સ્કાર્ફ
રૂમાલી
વિમલ સ્ટેશનરી પાસે, સિધ્ધી બુક સ્ટેશનરી સામે, બેઝમેન્ટ,
કચ્છી દશા શ્રીમાળી જૈન વાડી, વાણીયાવાડ, ભુજ-કચ્છ.
ફોન : ૯૪૦૮૪૪૬૯૬૯, ૯૧૦૬૬૯૭૯૩૦, ૯૪૨૬૬૭૮૬૦૬.

હજ્જ – ૨૦૨૫ બુકીંગ ચાલુ છે
રૂા. 7,50,000/-

મક્કા : લી મેરીડીન અલ મુકરીમ (સીમ્લર) ૧૪ દિવસ
મદીના : અબરાજ તાબા, હયા પલાઝા (સીમ્લર) ૮ દિવસ
અઝીઝીયા - ૫ દિવસ, મીના - ૫ દિવસ, અઝીઝીયા - ૫/૬ દિવસ

- ટ્રોલી બેગ
- પાસપોર્ટ બેગ
- એહરામ
- ગાઈડ બુક
- મીના માટે બેગ
- મક્કા-મદીનાની ઝિયારતો
- લોન્ડ્રી ફી
- મોઅલ્લીમ D કેટેગરી
- કુરબાની તેમજ તવાફે ઝિયારત હાજીઓએ પોતાના ખર્ચે (સ્વખર્ચે) કરવાની રહેશે.

: જોઈતા ડોકયુમેન્ટ્સ :

- પાસપોર્ટ
- પાસપોર્ટ સાઈઝ ફોટા-૨
- પાનકાર્ડ
- આધાર કાર્ડ (લિન્ક કરાવેલ હોવું જોઈએ)
- બેન્ક એકાઉન્ટ ડીટેલ

KH
خادم الحجاج سروس
SINCE 2006
ખાદિમુલ હુજ્જાજ ટુર્સ
હજ ⬩ ઉમરાહ ⬩ ઝિયારત ટુર આયોજક
કે.બી.સી. બંધેજ ઉપર, અનમ રિંગ રોડ, ભુજ-કચ્છ.

એજન્ટ્સ તથા મસ્જિદ મદરસામાં પઢાવતા મૌલાનાઓ દ્વારા પૂછપરછ આવકાર્ય.

હાજી ગફુર ખત્રી, (કે.બી.સી. બંધેજ) ભુજ M:9825993786
મુફીઝુલરહેમાન, ભુજ M:9913840786
મૌલાના હાજી સુલેમાન માંજોઠી, માંડવી M:9925662586
હાજી મોહંમદભાઈ (ન્યુ કે ટેઈલર), ભુજ M:9099053532

ભાવનગર : દબાણ હટાવના વિરોધમાં કોંગ્રેસ દ્વારા રેલી

(ન્યુઝ ડેસ્ક)

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભાવનગર શહેરમાં વર્ષોથી રહેતા સેંકડો ગરીબ અને મધ્યમ વર્ગના સામાન્ય લોકોના મકાનો તોડી પાડવાની ભાજપની મહાનગરપાલિકા તેમજ સરકાર દ્વારા જે નિર્ણય કર્યો છે તે સંપૂર્ણ અન્યાયકર્તા છે. વર્ષોથી જે લોકો ભાવનગરમાં વસવાટ કરે છે તેવા લોકોને સુપ્રીમ કોર્ટના વારંવારના અવલોકનો મુજબ વૈકલ્પિક વ્યવસ્થા કે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનું પાલન કર્યા વગર તોડી પાડવા તે અમાનવીય અને હાડમારી ઉભી કરનારું છે. આવા અસરગ્રસ્ત લોકોને ન્યાય મળે તે માટે અને તેમની વ્યથા ઉજાગર થાય તે માટે ભાવનગર કોંગ્રેસ સમિતિ તથા અસરગ્રસ્તોની બનેલી સંકલન સમિતિના સંયુક્ત ઉપક્રમે તા. ૩–૧ ના એક વિશાળ રેલી ભાવનગરમાં નિકળી હતી અને મ્યુનિસિપલ કમિશ્નરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ રેલીમાં GPCCના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, કાર્યકારી પ્રમુખ જીજ્ઞેશભાઈ મેવાણી, S.C. વિભાગના પ્રમુખ હિતેન્દ્ર પીઠડીયા, પૂર્વ ધારાસભ્ય કનુભાઈ બારૈયા, દિલીપસિંહ ગોહિલ તથા ભાવનગર શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.
મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦
તા. ૦૭/૦૧/૨૦૨૫ સુધી મળેલ દાન

5,000/-	અલ્તાફ શરીફભાઈ ચાકી	મુંબઈ
11,000/-	મર્હૂમા હાજીયાણી હાજરાબાઈ ચાકી	માનકુવા
10,000/-	મુતવા હાફિઝ મુમતાઝઅલી	ગોરેવાલી(બન્ની)
-	હાજી સિધીક પરિવાર	-
50,000/-	અબ્દુલ લતીફ હસન સોનારા	ભુજ
5,000/-	કેર ઈબ્રાહીમ આમદ	નાની છેર
2,00,000/-	મોહંમદહનીફ અબ્દુલહમીદ ખત્રી	મુંબઈ
75,000/-	મર્હૂમ મારા હાજી કાસમ સુમાર ખાવડાઈ	ભુજ
11,000/-	હાજી રમઝાન હાજી ઈબ્રાહીમ કુંભાર	લાકડીયા
2,00,000/-	મર્હૂમ હાલેપોત્રા નૂરમામદ ભચલ	રાયધણજર
7,50,000/-	હાજી ઈસ્માઈલ હાજી જુસબ જત	વીડી-અંજાર
23,000/-	સંઘી નોડે યુવા સમાજ	માંડવી
51,000/-	મલેક યુનુસખાન હાજી રસૂલખાન	દસાડા
50,000/-	મર્હૂમ લધાભાઈ સુમરભાઈ નારેજા	કારાઘોઘા
25,000/-	મર્હૂમા સકીનાબાઈ ઈસા	કલ્યાણપર
2,06,000/-	કોટડા(મઢ) તા.લખપત પડયાર ભાયાત તરફથી	

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ ‘ફારૂક’ સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે

Editor, Printer, Publisher and Owner Yousuf A. Jat, Printed at Elite Printers, Opp. Sumra Deli, Bhuj-Kutch and Published from Maiwali street, Sawaya faliya, Bhuj-Kutch(Gujarat). Mo. : 98253 76396
તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક યુસુફ એ. જત; મુદ્રણ સ્થાન : એલાઈટ પ્રિન્ટર્સ, સુમરા ડેલી સામે, ભુજ–કચ્છથી છાપીને માઈવાલી શેરી, સવાયા ફળીયા, ભુજ–કચ્છથી પ્રસિદ્ધ કર્યું. મોબાઈલ : ૯૮૨૫૩ ૭૬૩૯૬, E-Mail : farooqsaptahik@gmail.com